# Hemchandracharya North Gujarat University

PATAN - 384265 (N.G.)

NAAC **B** (2.55) State University


પ્રતિ,
આચાર્યશ્રી,
હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી
સંલગ્ન તમામ કોલેજો

**<u>વિષય</u> :– પરીક્ષા વિભાગના જુદા જુદા સર્ટીફીકેટની માર્ગદર્શિકા બાબત...**

શ્રીમાન,

ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનું કે, પરીક્ષા વિભાગ દ્વારા આપવામાં આવતા વિવિધ સર્ટીફીકેટોની માર્ગદર્શિકાની કોપી તથા તે મેળવવા ફી નું ધોરણ વિગતવાર આ સાથે આપશ્રીની જાણ સારૂ મોકલી આપીએ છીએ.

ઉપરોક્ત માર્ગદર્શિકા અને ફી આપની કોલેજના નોટીસ બોર્ડ ઉપર મૂકી વિદ્યાર્થીઓને ધ્યાને લાવવા વિનંતી.

આ સિવાય આ તમામ માહિતી યુનિવર્સિટી વેબસાઈટ www.ngu.ac.in ઉપર પણ ઉપલબ્ધ છે. તો વિદ્યાર્થીઓને આ અંગે આપની કોલેજમાંથી માર્ગદર્શન મળી રહેશે. તેવી અપેક્ષા સહ,

**<u>બિડાણ</u>** :– પરીપત્ર અને ફી ની વિગત અને માર્ગદર્શિકા

આપનો વિશ્વાસુ,

(ડૉ.ગીરીશ જે.ઠક્કર)
પરીક્ષા નિયામક

**<u>નકલ રવાના જાણ સારૂ :–</u>**

જાવક પત્રાંક : નં.મહે/પરી/પ્રમાણપત્ર ફી/ ૧૫૬૪/૨૦૧૪
હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી,
યુનિવર્સિટી રોડ, પો.બો.નં.૨૧
પાટણ–૩૮૪૨૬૫(ઉ.ગુ.)
તા. ૧૩ / ૦૬ / ૨૦૧૪

પ્રતિ,

૧. આ યુનિ. સાથે સંલગ્ન તમામ કોલેજના આચાર્યશ્રીઓ તરફ / યુનિ.ના વિભાગના અધ્યક્ષશ્રીઓ તરફ.
૨. આ યુનિવર્સિટીના તમામ શાખાધ્યક્ષશ્રીઓ તરફ.
૩. પોસ્ટ ગ્રેજયુએટ કોલેજના આચાર્યશ્રીઓ / વડાશ્રીઓ તરફ
૪. કુલપતિશ્રી/ઉપકુલપતિશ્રી/કુલસચિવશ્રીને
૫. નાયબ કુલસચિવશ્રી, એકેડેમિક શાખા/ હેડકલાર્કશ્રી એકેશાખા(પ્રવેશ વિભાગ)
૬. કચેરી અધિક્ષકશ્રી(પરીક્ષા) તરફ જાણ સારું
૬. મુખ્ય કારકુનશ્રી, ખાનગી / સંચાલન / માઈગ્રેશન / પદવી પ્રમાણપત્ર તરફ જાણ સારું.




P.B.No.21, University Road, PATAN - 384265, Gujarat State, INDIA.
Phone : +91 2766 - 222745, 220932, 230743, 230529, 233648 Fax : +91 2766-231917
Mail : regi@ngu.ac.in Web :www.ngu.ac.in

# હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ

## પરીક્ષા વિભાગના જુદા જુદા સર્ટીફીકેટ મેળવવા અંગેની માર્ગદર્શિકા

તા. ૧૨/૦૬/૨૦૧૪

### ૧. માઈગ્રેશન :–

આ યુનિવર્સિટીમાં અભ્યાસ કરીને અન્ય યુનિવર્સિટીમાં જોડાવવા માટે માઈગ્રેશન પ્રમાણપત્ર ફરજીયાત મેળવવું પડે છે. વિદ્યાર્થીએ છેલ્લે જે કોલેજમાં અભ્યાસ કર્યા હોય તે કોલેજ / સંસ્થાનું ટ્રાન્સફર સર્ટીફીકેટ યુનિવર્સિટીએ નિયત કરેલ માઈગ્રેશન ફોર્મમાં આચાર્યશ્રીના / સંસ્થાના વડાશ્રીની સહી–સિકકા કરાવવાના રહે છે.તે સાથે ગુણપત્રકની પ્રમાણિત કરેલ નકલ બીડવાની રહે છે. માઈગ્રેશન પ્રમાણપત્ર માટેની ફી રૂા. ૧૦૦/– નિયત કરેલ છે. જે યુનિવર્સિટીમાં પરીક્ષા કાર્યાલયમાં રજુ કર્યેથી માઈગ્રેશન પ્રમાણપત્ર આપવામાં આવે છે. અરજી ફી રોકડેથી કે ડીમાન્ડડ્રાફટથી ભરવાની રહેશે.

### ૨. ટ્રાન્સફર સર્ટીફીકેટ :–

એમ.એ / એમ.કોમનો એક્ષટર્નલ અભ્યાસ કરી પરીક્ષા આપેલ વિદ્યાર્થીઓ માટે સાદા કાગળમાં અરજી કરવાથી યુનિવર્સિટી તરફથી ટ્રાન્સફર સર્ટીફીકેટ કાઢી આપવામાં આવે છે. આ અંગેની ફી રૂા. ૫૦ /– નિયત થયેલ છે.

### ૩. ટ્રાયલ સર્ટીફિકેટ :–

આ યુનિવર્સિટી ધ્વારા એમ.એ. તેમજ એમ.કોમ. એક્ષટર્નલ અભ્યાસ કરી ઉર્ત્તીણ થયેલ વિદ્યાર્થીઓને પ્રાથમિક શાળા, માધ્યમિક શાળામાં નોકરીમાં જોડાવાના હેતુસર પરીક્ષા પાસ કર્યાનું ટ્રાયલ સર્ટી આપવામાં આવે છે. આ માટે વિદ્યાર્થીએ સાદા કાગળ પર પોતાના નામ, સરનામા તેમજ તમામ ગુણપત્રકોની પ્રમાણિત કરેલ નકલ સાથે અરજી કરવાની રહેશે.અરજી ફી રૂા. ૧૦૦/– નિયત કરેલ છે. ફી રોકડથી/બેંક ડિમાન્ડ ડ્રાફટથી સ્વીકારવામાં આવે છે.

### ૪. પ્રોવિઝનલ ડીગ્રી સર્ટીફીકેટ :–

ડીગ્રી પરીક્ષા પાસ કર્યા પછી નોકરી કે વિદેશમાં ઉચ્ચ અભ્યાસ અર્થે તાત્કાલિક ધોરણે કામચલાઉ **(Provisional)** સર્ટીફીકેટ મેળવવા માટે નિયત અરજી ફોર્મ સાથે માર્કશીટની પ્રમાણિત કરેલ નકલ બીડવાની રહેશે. આ અંગેની જરૂરી ફી રૂા.૧૦૦/– નિયત થયેલ છે.

### ૫. ડીગ્રી પ્રમાણપત્રઃ–

અભ્યાસક્રમ પૂર્ણ કરી પરીક્ષા પાસ કરનાર વિદ્યાર્થીઓને ડીગ્રી પ્રમાણપત્ર એનાયત કરવામાં આવે છે. પરીક્ષાના આવેદનપત્ર સાથે ડિગ્રી પ્રમાણપત્રની ફી લેવામાં આવતી હોઈ અલગથી ફી ભરવાની રહેતી નથી. વર્ષ–૨૦૦૬ પહેલા ડિગ્રી પરીક્ષા પાસ કરેલ હોય તેમને જ ડીગ્રી પ્રમાણપત્રની નિયત ફી ભરવાની રહે છે. તૈયાર થયેલ ડીગ્રી પ્રમાણપત્ર ટપાલ ધ્વારા **Speed Post** થી વિદ્યાર્થીએ દર્શાવેલ સરનામે મોકલી આપવામાં આવે છે. ડીગ્રી પ્રમાણપત્રની ફી રૂા. ૨૦૦/– નિયત થયેલ છે.

### ૬. ડુપ્લીકેટ પદવી પ્રમાણપત્ર મેળવવા અંગે :–

પદવી પ્રમાણપત્ર યુનિવર્સિટી ધ્વારા વિદ્યાર્થીને મળી ગયા બાદ કોઈ કારણસર ખોવાઈ જાય, તૂટી–ફાટી ગયેલ હોય કે નાશ પામેલ હોય તેવા કિસ્સામાં વિદ્યાર્થીએ નીચે પ્રમાણે પ્રવિધિ કરવાથી ડુપ્લીકેટ પદવી પ્રમાણપત્ર આપવામાં આવે છે.

૧.નિયત ફોર્મમાં અરજી કરવાની રહેશે. ફોર્મની કિંમત રૂા.૧૦/– નિયત કરેલ છે. જે યુનિવર્સિટીના કેશ કાઉન્ટર પરથી મળી શકે.

૨.જયુડીશલ ફર્સ્ટકલાસ મેજીસ્ટ્રેટ સમક્ષનું રૂા.૨૦/– ના સ્ટેમ્પ પેપર પર સોંગંદનામુ રજૂ કરવાનું રહેશે.

૩.જે પદવી માટે પ્રમાણપત્ર મેળવવાનું હોય તેની પસાર કરેલ પરીક્ષાના ગુણપત્રકની પ્રમાણિત નકલ બીડવી.

૪. ડુપ્લીકેટ પદવી પ્રમાણપત્રની ફી રૂા.૫૦૦/– નિયત કરેલ છે.

૫. ડિગ્રી પ્રમાણપત્રની પ્રમાણીત નકલ જોડવાની રહેશે.

## ૭. <u>પદવી પ્રમાણપત્રમાં સુધારા અંગે :–</u>

પદવી પ્રમાણપત્રમાં નામ, અટક, વિષય કે કોલેજના નામમાં ભૂલ હોય તો આધારભૂત પુરાવા સાથે અરજી મળેથી પદવી પ્રમાણપત્ર સુધારી આપવામાં આવે છે. માર્કશીટની પ્રમાણિત નકલ બીડવી અને **અસલ ડિગ્રી પ્રમાણપત્ર** કાર્યાલયમાં પરત કરવાથી પદવી પ્રમાણપત્રના સુધારા અંગે કાર્યવાહી થઈ શકશે. ડિગ્રી પ્રમાણપત્રમાં સુધારા માટેની ફી રૂ.૩૦૦/– નિયત કરવામાં આવેલ છે.

## ૮. <u>ગુણપત્રક સુધારા અંગે :–</u>

યુનિવર્સિટી ધ્વારા પરીક્ષાના આવેદનપત્રમાં દર્શાવ્યા મુજબ તૈયાર કરવામાં આવેલ વિદ્યાર્થીના બેઠક નંબર દર્શાવતી યાદીમાં નામ–અટક–વિષય અંગે ગુણપત્રકમાં ભૂલ હોયતો આધાર પુરાવા સાથે આચાર્યશ્રી મારફત અરજી મોકલી આપવાની રહેશે. અથવા યુનિવર્સિટીને સીધા પણ અરજી કરી શકશે. મુખ્ય આધાર તરીકે શાળા તરફથી મળેલ લીવીંગ સર્ટીફીકેટ (L.C.) ની પ્રમાણિત નકલ બીડવાની રહેશે. અરજી સાદા કાગળ પર નામ, સરનામુ, મોબાઈલ નંબર વિગેરે વિગતો આપવાની રહેશે.

**<u>નામ–અટક–વિષય ગુણપત્રકમાં સુધારા માટે નીચે પ્રમાણે ફી નિયત થયેલ છે.</u>**

૧. ગુણપત્રક ઈસ્યુ તારીખના ૧ વર્ષથી ૩ વર્ષ સુધી ના સમયગાળા માટે પ્રત્યેક ગુણપત્રક દીઠ રૂા. ૧૦૦/–
૨. ઈસ્યુ તારીખથી ૩ વર્ષ કરતાં વધારે સમય ગાળા માટે પ્રત્યેક ગુણપત્રક દીઠ રૂા. ૨૦૦/–

## ૯. <u>ડુપ્લીકેટ માર્કશીટ અંગે :–</u>

નિયત ફોર્મમાં અરજી કરવાની રહેશે જે ફોર્મ યુનિવર્સિટીની વેબસાઈટ ઉપરથી ડાઉનલોડ કરી શકાશે.

૧. પરિણામ જાહેર થયા તારીખના ૧ વર્ષથી ૩ વર્ષ સુધી ના સમયગાળા માટે પ્રત્યેક ગુણપત્રક દીઠ રૂા. ૧૦૦/– અરજી સાથે ગુણપત્રકની પ્રમાણિત નકલ બીડવી.
૨. ૩ (ત્રણ) વર્ષ કરતાં વધુ સમય ના ગાળા માટે પ્રત્યેક ગુણપત્રક દીઠ રૂા. ૨૦૦/–

## ૧૦. <u>ગુણચકાસણી:–</u>

પરીક્ષામાં પાસ થવા માટેના એક કે વધુ હેડમાં મળેલા ગુણ બરાબર છે કે કેમ તેની ખાત્રી કરવા માટે ગુણ ચકાસણીની અરજી નિયત ફી સાથે પરીક્ષાનું પરિણામ જાહેર થયા તારીખથી ૧૪ દિવસ (બે અઠવાડિયા) માં યુનિવર્સિટી કાર્યાલયને મળે તે રીતે અરજી બારોબાર વિદ્યાર્થીએ મોકલવાની હોય છે. અરજી ફોર્મ યુનિવર્સિટીની વેબસાઈટ www.ngu.ac.in ડાઉનલોડ કરી મેળવી શકાય છે.અરજી સાથે જે પરીક્ષાની ગુણ ચકાસણી કરાવવી હોય તેના ગુણપત્રકની ઝેરોક્ષ નકલ બીડવી અથવા યુનિવર્સિટીની વેબસાઈટ પર મૂકવામાં આવેલ પરિણામની નકલ બીડવી. ગુણચકાસણીમાં બધા પ્રશ્નો તપાસ્યા છે કે કેમ, સરવાળામાં ભૂલ થઈ છે કે કેમ તે જોવામાં આવે છે. જવાબોનું પુનઃમૂલ્યાંકન કરવામાં આવતું નથી. વિદ્યાર્થીને વિભાગવાર કે પ્રશ્નવાર મળેલા ગુણની માહિતી આપવામાં આવતી નથી.

ગુણ ચકાસણી ફી પ્રશ્નપત્રદીઠ રૂા. ૧૫૦/–નિયત કરવામાં આવેલ છે. ફી રોકડેથી કે ડીમાન્ડ ડ્રાફટથી ભરીને ફી ની રસીદ અરજી સાથે બીડવાની રહેશે.

## ૧૧. પુનઃમૂલ્યાંકન :–

(અ)પુનઃમૂલ્યાંકન અંતિમવર્ષની ડિગ્રી પરીક્ષામાં કરવામાં આવે છે. ફકત થીયરી પ્રશ્નપત્રોની ઉત્તરવહીઓનું જ મૂલ્યાંકન કરવામાં આવે છે.**નીચેના પાસાનું પુનઃમૂલ્યાંકન કરવામાં આવતું નથી.**

| | | | |
|---|---|---|---|
| ૧. | આંતરિક ગુણાંકન | ૨. | પ્રાયોગિક પરીક્ષા |
| ૩. | મૌખિક પરીક્ષા | ૪. | ડિઝર્ટેશન |
| ૫. | ટર્મવર્ક | ૬. | સેશનલ વર્ક |

(૧) પરીક્ષાર્થી પોતાની જ ઉત્તરવહીઓ (વધુમાં વધુ બે પ્રશ્નપત્રો)નું પુનઃમૂલ્યાંકન કરાવી શકે છે

(૨) જે તે પરીક્ષાનાં **બે થી વધુ** વિષયોમાં / પ્રશ્નપત્રોમાં નાપાસ થયેલ પરીક્ષાર્થી પુનઃમૂલ્યાંકન કરાવી શકશે.

### (બ) પુનઃમૂલ્યાંકન પ્રવિધિ :–

૧ પુનઃમૂલ્યાંકન કરાવવા માટેની અરજી જે તે પરીક્ષાનું પરિણામ જાહેર થયા તારીખ થી ૧૪ દિવસ(બે અઠવાડિયા) માં યુનિવર્સિટીને મળે તે રીતે કરવાની રહેશે.

૨. પુનઃમૂલ્યાંકન ફોર્મ યુનિવર્સિટીની વેબસાઈટ www.ngu.ac.in ઉપર ડાઉનલોડ કરી મેળવી શકાશે.

૩. આવી અરજી કોલેજના આચાર્યશ્રીની / યુનિવર્સિટી અનુસ્નાતક વિભાગના વડાશ્રીની સહી સિકકા સાથે કરવાની રહેશે. અન્યથા અરજી રદ થવાને પાત્ર બનશે.

૪. અરજી સાથે નિયત ફી રોકડેથી કે ડીમાન્ડ ડ્રાફટથી ભરવાની રહેશે.

૫. પ્રશ્નપત્રદીઠ ફી રૂા. ૩૫૦/– નિયત કરવામાં આવેલ છે. પ્રશ્રપત્રના કુલગુણના ૧૫ ટકા કે તેથી વધુતફાવત માલુમ પડતો હોય તો જ વિધાર્થીના ગુણમાં ફેરફાર કરવામાં આવે છે.

૬. પુનઃમૂલ્યાંકનના કારણે વિધાર્થીના પરિણામમાં જે ફેરફાર થાય તે બંધનકર્તા રહેશે.

## ૧૨. રેન્ક સર્ટીફીકેટ અંગે :–

યુનિવર્સિટી ધ્વારા લેવામાં આવતી વિવિધ પરીક્ષાઓમાં જે તે વિષયમાં સૌથી વધુ ગુણ પ્રાપ્ત કરનાર પ્રથમ અને દ્વિતિય ક્રમે આવનાર વિદ્યાર્થીને રેન્ક સર્ટીફિકેટ આપવામાં આવે છે. રેન્ક સર્ટીફિકેટની ફી રૂા. ૧૦૦/– નિયત કરાયેલ છે. રેન્ક સર્ટીફીકેટ મેળવવા માટે વિદ્યાર્થીએ સાદા કાગળમાં અરજી કરી ફી ભર્યેથી રેન્ક સર્ટીફિકેટ આપવામાં આવે છે.

## ૧૩. સુવર્ણચંદ્રક :–

આ યુનિવર્સિટી દ્રારા લેવામાં આવતી જુદી જુદી પરીક્ષાઓમાં સુવર્ણચંદ્રકો એનાયત કરવામાં આવે છે. સુવર્ણચંદ્રક મેળવવા માટે વિધાર્થીએ નીચેની શરતોનું પરિપાલન કરવું આવશ્યક છે.

૧. પરીક્ષા પ્રથમ પ્રયત્ને પ્રથમ વર્ગમાં સૌથી વધુ ગુણ મેળવી પાસ કરેલ હોવી જોઈએ.

૨. પરીક્ષાના કોઈપણ હેડમાં પાસ થવા માટે કોન્ડોનેશન ગુણનો લાભ મળ્યો ન હોવો જોઈએ.

૩. ચંદ્રક માટેની પરીક્ષા અને તેની અગાઉની પરીક્ષા વચ્ચે નિયત કરેલ ગાળા કરતાં **એક થી વધુ વર્ષનો** સમયગાળો પસાર થયો ન હોવો જોઈએ.

૪. પુનઃ સ્નાતક તેમજ પુનઃ અનુસ્નાતક અને પુનઃ પરીક્ષા આપનાર વિદ્યાર્થી સુવર્ણચંદ્રક મેળવવાને પાત્ર નથી.

(નોંધ :–બીએડની પરીક્ષા માટે આ ગાળો બીએડમાં પ્રવેશ મેળવ્યા તારીખથી ગણાય છે.)

## ૧૪. ગુણપત્રકોની ખરાઈ અંગે :–

યુનિવર્સિટી સાથેની સંલગ્ન કોલેજોમાં કોઈપણ વિદ્યાશાખામાં પાસ થયેલ વિદ્યાર્થીઓ વિદ્યાસહાયકો કે સ્કુલમાં શિક્ષક તરીકે અરજી કરે અને પછી નિયુકિત મળે ત્યારે સરકારશ્રીની નિયમો પ્રમાણે પ્રમાણપત્રો ખરાઈ કરવા વિદ્યાર્થી માટે વિદ્યાશાખા દીઠ ફી રૂા. ૨૦૦/– નિયત કરેલ છે. જયારે ખરાઈ કરાવનાર અન્ય કચેરી કે સંસ્થાએ રૂા. ૫૦૦/– ફી ભરવાની રહે.યુનિવર્સિટીના રેકર્ડ માટે વધારાની પ્રમાણિત નકલ (સેટ) ફરજીયાત આપવાની રહેશે.

## ૧૫. <u>ડીગ્રી પ્રમાણપત્રની ખરાઈ અંગે :–</u>

વિદ્યાર્થીને નોકરીના હેતુસર કે વિદેશમાં અભ્યાસ અર્થે ડીગ્રી પ્રમાણપત્રની ખરાઈ માટે જરૂર પડતી હોય છે. આ માટે મેળવેલ પદવી / પદવીઓ માટે પદવી દીઠ રૂા. ૨૦૦/– નિયત કરેલ છે. જયારે વિદ્યાર્થી સિવાય અન્ય કચેરી કે સંસ્થાએ રૂા. ૫૦૦/– નિયત ફી ભરવાની રહેશે. યુનિવર્સિટીના રેકર્ડ માટે વધારાની પ્રમાણિત નકલો (સેટ) ફરજીયાત આપવાની રહેશે. અરજી સાદા કાગળ પર નામ, સરનામાની પુરી વિગત સાથે અરજી કરેથી પ્રમાણપત્રની ખરાઈ કરી સીલબંધ કવરમાં આપવામાં આવે છે.

## ૧૬. <u>ટ્રાન્સક્રિપ્ટ સર્ટીફીકેટ મેળવવા અંગે :–</u>

ઉચ્ચ અભ્યાસ અર્થે વિદ્યાર્થી વિદેશમાં જવા ઈચ્છે ત્યારે યુનિવર્સિટીમાંથી ટ્રાન્સક્રિપ્ટ સર્ટી મેળવવું પડે છે. વર્લ્ડ એજયુકેશન ધ્વારા નિયત ફોર્મમાં કોલેજ રેકર્ડ કે જેમાં ગુણપત્રકની તમામ વિગતો તેમાં આવી જાય છે. વિદ્યાર્થીએ કોમ્પ્યુટર પર ફોર્મ તૈયાર કરાવી. પ્રથમ કોલેજના આચાર્યશ્રીના સહી–સિકકા કરાવ્યા બાદ યુનિવર્સિટીમાં સાદા કાગળ પર ટ્રાન્સક્રિપ્ટ મેળવવા અરજી કરવાની રહેશે. યુનિવર્સિટી ધ્વારા ટ્રાન્સક્રિપ્ટની ફી પ્રથમ બે કોપી માટેની ફી રૂા.૫૦૦/– અને વધારાની નકલ દીઠ રૂા. ૨૦૦/– નિયત કરેલ છે. પ્રત્યેક વિદ્યાશાખાની પરીક્ષા માટે અલગ ફી ભરવાની રહેશે. આ ફી રોકડેથી / બેંક ડ્રાફટથી ભરી શકાશે. કોલેજ રેકર્ડના ફોર્મ સાથે માર્કશીટની પ્રમાણિત નકલ અવશ્ય બીડવાની રહેશે.

પ્રમાણપત્રો ચકાસણી થયા બાદ અધિકૃત વ્યકિતની સહી થયા બાદ સીલબંધ કવરમાં અથવા વિદ્યાર્થીની જરૂરિયાત મુજબ ટ્રાન્સક્રિપ્ટ તેમજ આનુષંગિક દસ્તાવેજો આપવામાં આવશે.

## ૧૭. <u>અન્ય સર્ટીફીકેટની ફી અંગે.</u>

ઓડિ.–૧૩૨ (બી)અન્વયે જે સર્ટીફીકેટની ફી યુનિવર્સિટી ઓર્ડિનન્સમાં ઉલ્લેખ ન હોય તેવા કોઈપણ પ્રકારના સટીફીકેટની ફી રૂા. ૧૦૦/– નિયત કરવામાં આવેલ છે.

## <u>–: ખાસ સુચના :–</u>

**૧.** ફોર્મ વિનામૂલ્યે હોઈ યુનિવર્સિટી વેબસાઈટ www.ngu.ac.in પરથી ડાઉનલોડ કરવાથીમેળવી શકાશે.

**૨.** કોઈપણ પ્રકારની ફી મોકલવા અંગે કુલસચિવશ્રી, "હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી," પાટણના નામનો <u>ડીમાન્ડ ડ્રાફટ</u> કઢાવવાનો રહેશે.

**૩.** અરજી સાથે ફી ભરાયાની રસીદ અચૂક લગાવવાની રહેશે. ફી વગરની અરજી રદ બાતલ થવાને પાત્ર છે.

**( ડૉ. ગીરીશભાઈ જે. ઠકકર)**
**પરીક્ષા નિયામક**

## HEMCHANDRACHARYA NORTH GUJARAT UNIVERSITY

| SR. NO | DETAILS FOR CERTIFICATE FEE(પ્રમાણપત્રફીની વિગતો) | Fee Rs. |
|---|---|---|
| 1. | Migration Certificate (માઈગ્રેશન સર્ટીફીકેટ ) | 100 /- |
| 2. | Transfer Certificate (ટ્રાન્સફર સર્ટીફીકેટ ) | 50/- |
| 3. | Trial Certificate (ટ્રાયલ સર્ટીફીકેટ ) | 100/- |
| 4. | Provisional Degree Certificate<br>કામચલાઉ ( પ્રોવિઝનલ ) ડીગ્રી સર્ટીફીકેટ | 100/- |
| 5. | Degree Certificate (Before -2006)<br>ડીગ્રી સર્ટીફીકેટ (વર્ષ ૨૦૦૬ પહેલાં માટે ) | 200/- |
| 6. | Duplicate Degree Certificate (ડુપ્લીકેટ ડીગ્રી સર્ટીફીકેટ ) | 500/- |
| 7. | Degree Certificate Correction (ડીગ્રી સર્ટીફીકેટ સુધારા ) | 300 /- |
| 8. | Marksheet Correction (ગુણ પત્રક સુધારા અંગે )<br>- 1 Year To 3 Years ( ૧ વર્ષથી ૩ વર્ષ સુધી)<br>- More Than 3 Years ( ૩ વર્ષ કરતાં વધારે સમય) | <br>100/-<br>200/- |
| 9. | Duplicate Marksheet (ડુપ્લીકેટ માર્કશીટ )<br>- 1 Year To 3 Years (૧ વર્ષથી ૩ વર્ષ સુધી)<br>- More Than 3 Years (૩ વર્ષ કરતાં વધારે સમય) | <br>100/-<br>200/- |
| 10. | Re-Checking (ગુણ ચકાસણી ) | 150/- |
| 11. | Re-Assesment (Two Subject) Per Paper<br>પુનઃ મૂલ્યાંકન (બે વિષય) વિષય દીઠ | 350/- |
| 12. | Rank Certificate (રેન્ક સર્ટીફીકેટ ) | 100/- |
| 13. | Marksheet Verification (Faculty Wise)<br>(ગુણ પત્રક ની ખરાઈ (વિદ્યાશાખા દીઠ)<br>For Student (વિદ્યાર્થી માટે)<br>For Office / Institute (કચેરી / સંસ્થા માટે) | <br><br>200/-<br>500/- |
| 14. | Degree Certificate Verification (ડીગ્રી પ્રમાણપત્ર ખરાઈ )<br>For Student (વિદ્યાર્થી માટે)<br>For Office / Institute (કચેરી / સંસ્થા માટે) | <br>200/-<br>500/- |
| 15. | Transcript Certificate (Faculty Wise)<br>(ટ્રાન્સ્ક્રીપ્ટ સર્ટીફીકેટ (પ્રત્યેક વિદ્યાશાખા)<br>First Two Copies (પ્રથમ બે નકલ )<br>Additional Per Copy (વધારાની નકલ દીઠ ) | <br><br>500/-<br>200/- |
| 16. | Any Other Cerificate not Provided for in any of the Ordinance | 100/- |

[**Note** :-Fees can be accepted, in cash during the office hours 11 :00 a.m. to 4:00 p.m.or Demand Draft in favour of Ragistrar, Hemchandracharya North Gujarat University, Payable at Patan with application in case of by post]

PLACE :- PATAN
DATE :- 13/05/2014

(Dr. Girish J. Thakkar)
Controller of Examinations